# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ચાલતી એઆઇસીઆરપી ઓન વિડ મેનેજમેન્ટ યોજના ને રાષ્ટ્રીય કક્ષાનો “બેસ્ટ સેન્ટરનો એવોર્ડ” મળ્યો

ભારતમાં વિવિધ રાજ્યોની કૃષિ યુનિવર્સિટીઓમાં આઇસીએઆર – ડાયરેકટોરેટ ઓફ વીડ રીસર્ચ દ્વારા એઆઇસીઆરપી ઓન વીડ મેનેજમેન્ટના સમગ્ર ભારતમાં કુલ ૧૭ પ્રોજેક્ટ કાર્યરત છે, જેના દ્વારા વિવિધ પાક વિસ્તાર, પાક પદ્ધતિ તથા બિન પાક વિસ્તારમાં થતા વિવિધ નીંદણના વ્યવસ્થાપન માટે સંશોધન કરી ખેડૂતઉપયોગી ભલામણો રાજ્ય સરકારને સોંપવામાં આવે છે. આઇસીએઆર- ડાયરેક્ટોરેટ ઓફ વીડ રીસર્ચ દ્વારા સંશોધન, વિસ્તરણ તથા અન્ય સંલગ્ન બાબતોનું છેલ્લા પાંચ વર્ષોનું મૂલ્યાંકન કરીને શ્રેષ્ઠ કામગીરી માટે “બેસ્ટ સેન્ટર એવોર્ડ” આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં કાર્યરત એઆઈસીઆરપી ઓન વીડ મેનેજમેન્ટ યોજના, આણંદને ભારત ભરની કુલ ૧૭ યોજનાઓમાંથી શ્રેષ્ઠ યોજના અંગેનો “બેસ્ટ સેન્ટર એવોર્ડ-૨૦૨૦” તા. ૧૯.૦૬.૨૦૨૧ ના રોજ મળેલ રાષ્ટ્રીય મૂલ્યાંકન બેઠકમાં જાહેર કરવામાં આવેલ છે.

આ યોજના દ્વારા વિવિધ પાક તથા પાક પધ્ધતી માટે ૩૦ થી પણ વધુ ખેડૂતોપયોગી ભલામણો, ૪૬ તાલીમો, ૮ કૃષિ મેળાઓ, ૩૨ ખેડૂત દિન, ૫- પાર્થેનિયમ જાગરૂક્તા અભિયાન, ૧૭ ટીવી અને રેડીયો ટોક તેમજ ૪૨૨ જેટલા લેકચરો આપવામાં આવેલ છે. વધુમાં આ યોજનાને વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૯ માં પણ ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માન પત્રો પણ મળેલા છે, જે ખૂબ જ ગર્વની બાબત છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન, ઘઉં, સોયાબીન, કપાસ, મગફળી તથા લસણમાં નીંદણ વ્યવસ્થાપન અંગેની ભલામણો દ્વારા રાજ્યના ખેડૂતોને ઘણો જ ફાયદો થયેલ જોવા મળેલ છે.

આ સિધ્ધી મેળવવા બદલ ડો. કે. બી. કથીરીયા, માન. કુલપતિશ્રી, આકૃયું, આણંદ, ડો. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી અને ડો. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા આ યોજનાના મુખ્ય કાર્યવાહક ડો. બી. ડી. પટેલ તથા યોજના સાથે સંકળાયેલ અન્ય વૈજ્ઞાનિકોને હાર્દિક અભિનંદન પાઠવેલ.


XXVIII Annual Review Meeting
All India Coordinated Research Project on Weed Management
ICAR-Directorate of Weed Research, Jabalpur
(18-19 June, 2021)

Certificate

OUTSTANDING ALL INDIA COORDINATED RESEARCH PROJECT ON WEED MANAGEMENT AWARD - 2020

(For the Best All India Coordinated Research Project on Weed Management Centre) is presented to

Anand Agricultural University
Anand (Gujarat)

18 June, 2021
Jabalpur

(Dr. J.S. Mishra)
Director, ICAR-DWR


XXVIII Annual Review Meeting
All India Coordinated Research Project on Weed Management
ICAR-Directorate of Weed Research, Jabalpur
(18-19 June, 2021)

Best Centre Award (2020)

Anand Agricultural University, Anand (Gujarat)

CITATION

All India Coordinated Research Project on Weed Management is in operation at Anand Agricultural University, Anand since 1982. Over the years, in Gujarat State the Centre has made significant contributions for minimizing losses due to weeds and improving agricultural productivity. The technologies developed by this Centre in recent years for wheat, soybean, cotton, groundnut and garlic are noteworthy. During the last five years, the Centre has conducted 46 Trainings, 8 *Kisan melas*, 32 Farmers' day, 5 Parthenium awareness programmes, 17 TV/Radio talks and delivered 442 Lectures on weed management in various trainings. In all, the Centre has published 37 research papers, 17 papers presented in symposia/seminars, 13 popular articles, 21 book chapters, 19 folders and 2 books. The Centre is providing technology and advisory to the Airport Authority of India, Ahmedabad, Vadodara, Surat and Rajkot airports of Gujarat to manage weeds in operational area of the Airport. In addition, the Centre is providing advisory to irrigation department of Gujarat to manage aquatic weed Hydrilla in canal network.

In recognition of the outstanding contributions made in weed management in Gujarat state, the team led by Dr. B.D. Patel at the AAU, Anand is presented the **'Best Centre Award'** of AICRP-Weed Management for the year 2020.

18 June, 2021
Jabalpur

(Dr. J.S. Mishra)
Director, ICAR-DWR